सत्यमेव जयते

દાખલ તારીખ :–૧૦–૧૧-૨૦૨૧

નોંધ્યા તારીખ :–૧૦-૧૧-૨૦૨૧

ફેંસલ તારીખ :– ૩૦–૦૪–૨૦૨૬

સમયગાળો :–<u>વર્ષ–માસ–દિવસ</u>

રાજકોટના ૦૯ માં અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં

મું.રાજકોટ

ફોજદારી કેસ નંબર :–૪૪૭૭૦/૨૦૨૧

આંક :–

<u>ફરીયાદી</u> : તરુણકુમાર ચમનલાલ કાથરાણી

સરનામુ : રેડીઅન્સ બીલ્ડીંગ, રૂમ નં.૧૦૫,
રૈયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,
રાજકોટ.

–:: <u>વિરૂધ્ધ</u> ::–

<u>આરોપી</u> : જીતેન્દ્ર દીનેશભાઇ જેઠવા

સરનામુ :૧ જય વાછડા દાદા, લાભદીપ સોસાયટી શેરી નં.૩,
એચ પી પેટ્રોલ પંપ પાસે, ગાંધીગ્રામ, ૧૫૦ ફુટ રીંગ રોડ,
રાજકોટ.

સરનામુ : ૨ સોનાલી પાઉભાજી, નીર્મલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ.–તે નોકરી ધંધાનુ સરનામુ

<u>ફરીયાદ :– નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.</u>

// ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી.**પી.આર.ઠાકર** //

// આરોપી તરફે વિ.વ.શ્રી. **કે.ડી.ચૌહાણ** //

<u>–::ચુકાદો::–</u>

<u>ફરીયાદીની હકીકત:–</u>

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આ કામના ફીરયાદી રાજકોટમા રહે છે આ કામના આરોપી સોનાલી પા:ભાજી નામથી ઓળખાતા નીર્મલા કોન્વેન્ટ રોડ પર આવેલ રેસ્ટોરન્ટમા મેનેજર તરીકે નોકરી કરતા હોય અવાર નવાર મળતા હોવાનુ થવાથી મિત્રતાના સંબંધે અમારી માલીકીનુ રૈયા રોડ ઉપર આવેલ મકાન લીવ એન્ડ લાયસન્સના કરારથી માસીક રૂા.૧૩,૦૦૦/– ના ઘસારા ખર્ચ થી ૧૧ માસ માટે ભાડે આપવા વિનંતી કરતા અને તેની વિનંતી ફરીયાદીએ માન્ય રાખતા અમો ફરીયાદી અને આરોપી વચ્ચે તા.૨૮–૦૧–૨૦૨૧ ના રોજ નોટેરાઈઝડ લીવ એન્ડ લાયસન્સ કરાર કરવામા આવેલ. કરાર અન્વયે ભાડાવાળા મકાનના ધસારા પેટે દરેક મહીનાનુ ઘસારા ખર્ચ દર મહીનાની ૧ થી ૫ તારીખમા નિયમીત રીતે ચુકવવાનુ હતુ પરંતુ પ્રથમ એક મહીનાનો ઘસારા ખર્ચ ચુકવ્યા બાદ બીજા મહીનાથી ઘસારા ખર્ચ ચુકવવાનુ બંધ કરી દીધેલ. આરોપીએ તા.૧૦/૦૩/૨૦૨૧ થી ફરીયાદીને ઘસારા ખર્ચ ચુકવેલ નથી. ફરીયાદીએ આરોપી પાસેથી પૈસાની વિનંતી કરેલ પરંતુ આરોપી ઘસારા ખર્ચ ચુકવતા નહી કે લાઇટબીલ પણ ચુકવતા નહી. તા.૦૯/૦૯/૨૦૨૧ ના રોજ આરોપી મકાન ખાલી કરી તેનો કબજો સંભાળી લેવા ફરીયાદીને કહેતા ફરીયાદીએ આરોપી પાસે તેઓએ વાપરેલ સાત મહીનાના ધસારા ખર્ચ રકમ રૂા.૯૧,૦૦૦/– ની માંગણી કરેલ. આરોપીએ રૂા.૯૧,૦૦૦/– જે ચુકવવાના થાય છે તેમાથી કરાર કરતી વખતે ડીપોજીટ પેટે આપેલ રૂા.૧૩,૦૦૦/– બાદ કરીને રૂા.૭૮,૦૦૦/– ચુકવવાના થાય છે તેમ હીસાબ કરેલ.

આરોપીએ રૂા.૭૮,૦૦૦/– ની સામે રૂા.૩૦૦૦/– રોકડા ચુકવી આપેલ અને બાકી રહેતી ઘસારા ખર્ચની રકમ રૂા. ૭૫,૦૦૦/– પુરા ચુકવવા માટે ચેક આપેલ. સદર ચેક બેંકમાં નાખશો તો જરૂરથી કલીયર થઈ જશે તેવા વિશ્વાસ સાથે આરોપીએ ફરીયાદીના નામનો **રૂા.૭૫,૦૦૦/- પુરા નો કોટક મહીન્દ્રા બેન્ક , રાજકોટ તા.૧૦/૦૯/૨૦૨૧ ના રોજનો ચંક નં. ૦૦૦૦૦૨ ખાતા નં. ૩૨૧૩૭૮૨૩૩૬ નો** આપેલ.ઉપરોકત વિગતનો ચેક ફરીયાદીએ તેની નિયત તારીખનાં રોજ પોતાની બેંક, રાજકોટ કોર્મ.કો.ઓ.બેન્ક લી. માં તા.૧૩/૦૯/૨૦૨૧ ના રોજ વટાવવા રજુ કરતાં સદરહું ચેક આરોપીની બેંક તરફથી **તા.૧૪.૦૯.૨૦૨૧** ના રોજ "**ડ્રોઅર્સ સીગ્નેચર ડીફર**" નાં શેરા સાથે પરત ફરેલ હોય, જેની જાણ તેમની બેંક તરફથી ફરીયાદીને રીટર્ન મેમોથી તા.**૧૪.૦૯.૨૦૨૧** ના રોજ થયેલ. ફરીયાદીએ આરોપીને **તા.૨૪.૦૯.૨૦૨૧** નાં રોજની નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ હેઠળની લેખિત નોટીસ આરોપીના ઘરના સરનામે તથા આરોપી જયા મેનેજર તરીકે નોકરી કરે છે તે સોનાલી પાઉભાજી ના સરનામે રજી. પોસ્ટ એ. ડી. થી મોકલેલ જે પૈકી આરોપીને ઘરના સરનામે મોકલેલ નોટીસ સ્વકાર્યા વગર પરત આવેલ છે જયા નોકરી કરે છે ત્યા સોનાલી પાઉભાજીના સરનામે તા.૨૭/૦૧/૨૦૨૧ ના રોજ બજી ગયેલ છે ફરીયાદીએ મોકલેલ નોટીસ આરોપીને તા.૨૭/૦૧/૨૦૨૧ ના રોજ બજી ગયેલ છેતેમ છતા આરોપીએ કાયદાથી નિર્દીષ્ટ થયેલ સમયમા કે આજ સુધીમા ચેકની રકમ રૂા.૭૫,૦૦૦/– ફરીયાદીને ચુકવેલ નથી તથા નોટીસનો પ્રતી:ત્તર પણ આપેલ નથી. જેથી હાલની ફરીયાદ આરોપી વિરૂઘ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ મુજબ રજુ કરી, આરોપીને પકડી મંગાવી યોગ્ય સજાની નસીહત કરવા તથા ફરીયાદમાં જણાવેલ રકમ ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

<u>આરોપીઓની હાજરી અને તેમનું નિવેદન:–</u>

(૨) આરોપીને સમન્સ બજતાં તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થતાં ક્રી.પ્રો.કોડની કલમ– ૨૦૭ અન્વયે ફરીયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિનામુલ્યે આરોપીને પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપીની ક્રિ.પ્રો.કોડની કલમ–

૨૫૧ હેઠળ **<u>આંક–૦૫</u>** થી પ્લી નોંધી ગુના અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો અને ન્યાયિક કાર્યવાહીની માંગણી કરતાં ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવા સુચના આપવામાં આવેલ. ત્યારબાદ અત્રેની અદાલત દ્વારા તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ આંક–૧ હેઠળ હુકમ કરી હાલનુ કામ સમન્સ ટ્રાયલ તરીકે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ, ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

<u>મૌખિક પુરાવો ::–</u>

સાહેદ	મૌખિક પુરાવાની વિગત	આંક
૧	ફરીયાદી– તરુણકુમાર ચમનલાલ કાથરાણીની સોગંદ ઉપરની સરતપાસ	૦૪
૨	કોટક મહીન્દ્રા બેન્ક યાજ્ઞીક રોડ શાખા, રાજકોટ ના સર્વીસ મેનેજર એટલે કે બેન્કના જવાબદાર અધિકારી યોગેશભાઇ કેશુભાઇ બરવાડીયાની સોગંદ ઉપરની જુબાની	૩૪

<u>દસ્તાવેજી પુરાવા</u>

અનુક્રમ	દસ્તાવેજી પુરાવાની વિગત	આંક નં.
૧	આરોપી અને ફરીયાદી વચ્ચે થયેલ તા.૨૮/૦૧/૨૦૨૧ નોટેરાઈઝ લીવ એન્ડ લાયસન્સ કરાર	૧૨
૨	આરોપીએ આપેલ ચેક નં. ૦૦૦૦૦૨ ખાતા નં.૩૨૧૩૭૮૨૩૩૬ તા.૧૩/૦૯/૨૦૨૧	૧૩
૩	ફરીયાદીએ રાજકોટ કો..કો.ઓ. બેન્કમા વસુલાત માટે તા. ૧૩/૦૯/૨૦૨૧ ના રોજ ભરેલ તેની સ્લીપ બેન્કમા ભરેલ	૧૪

૪	તા.૧૪/૦૯/૨૦૨૧ ના રોજ ઇશ્યુ કરેલ ચેકનો રીટર્ન મેમો	૧૫
૫	ચેક રીર્ટન થતા ફરીયાદીએવકીલ મારફતે તા.૨૪/૦૯/૨૦૨૧ ના રોજ આરોપીને મોકલેલ નોટીસ	૧૬
૬	આરોપીને મોકલેલ તા.૨૪/૦૯/૨૦૨૧ના રોજ રજીસ્ટર પોસ્ટથી મોકલેલ નોટીસની પાવતી	૧૭
૭	આરોપીને ઘરના સરનામે મોકલેલ તા.૨૪/૦૯/૨૦૨૧ વાળી નોટીસ સ્વીકાર્યા વગર પરત આવી તે સીલ પેક કવર	૧૮
૮	આરોપીને નોકરી કરે છે તે સરનામે મોકલેલ તા.૨૪/૦૯/૨૦૨૧ બજી ગયા અંગેની એકનોલોજમેન્ટ	૧૯
૯	આરોપીના ખાતાનુ કે. વાય. સી.	૩૫
૧૦	ખાતાધારક (આરોપીની સહીનો નમુનો)	૩૬
૧૧	આરોપીના ખાતાનો ઉતારો	૩૭
૧૨	તકરારી ચેક ની નકલ	૩૮

(૪) આમ ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ થતાં આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોઈ **આંક–૪૦** થી કલોઝિંગ પુરસીશ રજુ કરવામાં આવે છે.

આરોપીનું વિશેષ નિવેદન:–

(૫) ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૩૧૩ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન તૈયાર કરવામાં આવેલ અને આ કામે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમા તેઓએ ફરિયાદપક્ષ કેસની તમામ હકિકતો નકારી કાઢી ફરિયાદીએ ખોટી ફરિયાદ હકિકતો ઉભી કરી અમારી ઉપર ખોટો કેસ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે અમો

આરોપી નિર્દોષ છીએ અને કહેવાતો કોઈ ગુનો કરેલ નથી વધુમાં જણાવેલ છે કે ફરિયાદીએ ચેકોનો દુરઉપયોગ કરી ખોટી ફરિયાદ કરેલ છે વધુમાં તેઓ સોગંધ પર પુરાવો આપવા માંગતા નથી વધુમાં તેઓએ બચાવમાં સાહેદો તપાસવા માંગતા ન હોવાનું સદર વિશેષ નિવેદનમાં જણાવેલ છે.

(૬) ત્યારબાદ સદર કામ દલીલોના સ્ટેજ પર રાખવામાં આવેલ.

ફરિયાદી તરફે દલીલો ::–

<u>ફરિયાદીએ ફરિયાદમાં જણાવેલ હકિકતોનુ પુનર્ઉચ્ચારણ કરેલ છે અને દલીલ કરેલ છે કે,</u> ફરીયાદીએ પોતાનો કેસ વ્યાજબી પુરાવાથી પુરવાર કરેલ છે.આરોપીએ ૧૧૮ અને ૧૩૯ નુ ખંડન કરેલ નથી. ચેક પરની સહી આરોપી પડકારેલ નથી વધુમાં જણાવેલ છે કે, આરોપીએ નાણા કબુલ રાખેલ છે. સમયમર્યાદામાં ફરિયાદ દાખલ કરેલ છે, દસ્તાવેજનો વિરોધ કરેલ નથી, આરોપીએ ફરિયાદપક્ષમાં જણાવેલ હકિકતનુ ખંડન કરેલ નથી, તથા તેઓને વિશેષ નિવેદનમાં પોતાનો કોઈ ખુલાસો નથી, તથા બચાવમાં રજુઆત કરેલ નથી, કે તેઓ તરફે કોઈ સાહેદ સાક્ષી રજુ કરેલ નથી, તથા સામાન્ય નકારમાં જવાબ આપેલ છે તે સિવાય કોઈ ખુલાસો કરેલ નથી. આરોપી રકમ નહી ચુકવવાના બદ ઈરાદાથી તથા નેગો.ઈન્સ્ટુ. એકટની જોગવાઈઓમાથી છટકવાના ઈરાદાથી પોતાના ચેકમા પોતે જાતે ખોટી સહી કરી ચેક આપેલ હોય. તે હકિકત ધ્યાને લેતાં કાયદેસરના નાણાની ચુકવણી પેટે હાલનો ચેક આપેલ છે તે વણચુકવાયેલ પરત ફરેલ હોય કલમ – ૧૩૮ મુજબનો ગુનો બને છે. આરોપીએ કલમ– ૧૩૯ મુજબના અનુમાનનું કોઈ ખંડન કરેલ નથી, જેથી આવા સંજોગોમાં ફરીયાદીનું કાયદેસરનું લેણું પુરવાર થતું હોય, તેમજ કલમ– ૧૩૮ના તત્વો પુરવાર થતા હોય, આરોપીને વધુમાં વધુ સજા કરી વળતર અપાવવા રજુઆત કરેલ છે. તથા નીચે મુજબના ચુકાદા પર આધાર રાખેલ છે.

<u>આરોપી તરફે દલીલો</u> ::–

<u>ત્યારબાદ આરોપી તરફે દલીલ કરેલ છે કે</u>, ફરીયાદી ફરીયાદ સાબીત કરી શકયા નથી, ફરીયાદપક્ષે પુરાવો રજુ કરી નિ:શંકપણે ગુનો પુરવાર કરવો જોઈએ જે ફોજદારી

ન્યાયશાસ્ત્રનો પ્રાથમિક સિધ્ધાંત છે, ફરીયાદને આરોપીએ ચેક શા માટે આપ્યો અવેજ શુ હતો તે સંબંધેનો પુરાવો રજુ કરી ચેક પુરવાર કરવો જોઇએ, આરોપીએ ચેક કોને આપ્યો ચેકમા કયાં સહી કરી કોણે વિગત ભરી તે સંબંધે પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ નથી, ચેક લખનારે સહી કરી છે ચેકની વિગત ભરી છે જે અગત્યનો અને જરૂરી પુરાવો રજુ કરવામા આવ્યો નથી,ફરીયાદીએ પોતાની ફરીયાદ પુરવાર કરવા પ્રયત્ન કરેલ નથી , ફરિયાદીએ ખોટી હકિકત જણાવી ખોટી ફરિયાદ કરેલ છે, આરોપી દ્વારા ફરિયાદીની ઉલટતપાસ કરીને કલમ ૧૧૮ અને ૧૩૯ નુ વ્યાજબી પુરાવાથી ખંડન કરેલ છે, જે બાબતે ફરિયાદીએ કોઈ ખુલાસો, રજુઆત કે પુરાવો રજુ કરેલ નથી, તેથી ફરિયાદી કાયદેસરના લેણુ પુરવાર કરી શકેલ નથી તેથી આરોપીને નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે. તથા આંક. ૪૬ થી લેખિત દલીલ રજુ કરેલ નથી, સદર દલીલોની પુરાવાનાં મુલ્યાંકનમાં એક સાથે ચર્ચા કરવામાં આવેલ હોય, તેથી પુનરાવર્તન ટાળવાના હેતુથી અત્રે ચર્ચા કરવામાં આવતી નથી.

(૭) સબબ ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થયેલ છે.:–

(૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરીયાદીને **ચેક નં.૦૦૦૦૦૨, ખાતા નં.૩૨૧૩૭૮૨૩૩૬**, રૂા. **૭૫,૦૦૦/–** નો આપેલ જે ચેક ફરીયાદીએ પોતાના બેંક ખાતામાં રજુ કરતાં ''**ડ્રોઅર્સ સીગ્નેચર ડીફર**'' ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત ફરતાં **ફરીયાદીએ નિયત સમય મર્યાદામાં આરોપીને નોટીસ મોકલેલી જે નોટીસ આરોપીને બજી ગયેલ** હોવાં છતાં આરોપીએ ચેકના નાણાં ફરીયાદીને ન ચુકવી આપી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

<u>ઉપરોકત જવાબોના મારા કારણો નીચે મુજબ છે.</u>

<u>–::કારણો::–</u>

<u>મુદ્દા નં. ૧:–</u>

(૯) ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ ના ભંગ બદલની કરેલ છે.

<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા કરતા પહેલા કલમ– ૧૩૮ પુરવાર કરવા માટે નીચે મુજબના તત્વો પુરવાર કરવા આવશ્યક છે.</u>

1. આરોપીએ પોતાના ખાતામાંથી ફરીયાદીને નાણાંની ચુકવણી કરવા ચેક લખેલ હોવો જોઈએ.
2. આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.
3. ચેક, જે તારીખે લખ્યો તે તારીખથી છ માસમાં (હાલ ૩ માસમાં) બેંકમાં રજુ કરવામાં આવેલ હોવો જોઈએ.
4. ચેક ખાતામાં જમા કરાવતા અપુરતા ભંડોળના કે અન્ય કારણોસર વણ–ચુકવાયેલ કારણે પરત થયેલ હોવો જોઈએ.
5. ચેક પરત ફર્યાની બેંકમાંથી માહીતી મળ્યા બાદ ફરીયાદીએ એક માસમાં નાણાંની લેખિત માંગણી કરેલ હોવી જોઈએ.
6. આરોપીને લેખિત માંગણીવાળી નોટીસ બજી ગયેલ હોવી જોઈએ અને આરોપીને બજવણી થયાથી દીન– ૧૫ માં ચેકની રકમ ચુકવવામાં કસુર કરેલ હોવી જોઈએ.
7. ત્યારબાદ એક માસમાં ફરીયાદ થયેલ હોવી જોઈએ.

(૧૦) આમ, જો આ તમામ તત્વો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થાય તો જ એકટની કલમ ૧૩૮ નો ગુનો સાબિત થયાનુ માની શકાય.

સદર કામ અંગેનું સૌ પ્રથમ આવશ્યક તત્વ એ છે કે તકરારી ચેક કાયદેસરનુ દેવુ કે જવાબદારી પુરેપુરી કે અંશત: અદા કરવા માટે આપેલ હોવો જોઈએ. જે હકીકત પુરવાર કરવા અંગે સાબિતીનો પ્રારંભિક બોજો ફરીયાદી ઉપર રહે છે. જે બોજાનું ફરીયાદી વહન કરે કે તુરંત જ એન. આઈ. એકટની કલમ ૧૩૯ અન્વયે ચેક ધારણ કરનાર યાને કે હાલના ફરીયાદીની તરફેણમાં તેમજ ચેક આપનાર યાને કે હાલના આરોપીની વિરૂધ્ધમાં કાયદાકીય અનુમાન કરવાનુ રહે છે. જે અનુસાર તકરારી ચેક કાયદેસરના દેવા કે જવાબદારીને સંપૂર્ણત: કે અંશત: ચુકવણી કરવા માટે જ આપવામાં આવ્યો હોવાનુ અનુમાન કરવાનુ રહે છે. સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને જે ખંડનાત્મક અનુમાન છે. ખંડનાત્મક અનુમાન અંગેનો પુરાવો રજુ કરવાનો સંપૂર્ણ બોજો આરોપી ઉપર રહે છે. સદર ખંડનાત્મક પુરાવો રજુ કરવા માટે કોઈ સીધો કે પ્રત્યક્ષ પુરાવો હોવો જોઈએ તેવુ જરૂરી નથી. આરોપી કેસના રેકર્ડ ઉપર તેવા સંજોગોથી પ્રસ્થાપિત કરી શકે કે જેનાથી તકરારી ચેક કોઈ કાયદેસરના દેવા માટે આપ્યો જ ન હોવાની સંભાવના ઘણી જ પ્રબળ હોય તો તેનાથી પણ સદર અનુમાનનું ખંડન થયાનું ગણી શકાય છે.

(૧૧) ફરિયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે **<u>આંક-૦૪</u>** થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમાં ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ તમામ હકીકતો સરતપાસમાં અક્ષર સહ: જણાવેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ રૂ.૭૫,૦૦૦/- રકમની ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને **ચેક નં. ૦૦૦૦૦૨, તા.૧૦.૦૯.૨૦૨૧ ના રોજ કોટક મહીન્દ્રા બેન્ક, રાજકોટ શાખા**નો ચેક આપેલ. જે ચેક આરોપીએ સહી કરીને આપેલ હતો. ઉપરોકત ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં વટાવવા રજુ કરતાં આરોપીની બેંક તરફથી **તા.૧૪/૦૯/૨૦૨૧** ના રોજ <u>'' **ડ્રોઅર્સ સીગ્નેચર ડીફર** ''</u> ના કારણે પરત ફરેલ**, જે લગત ફરિયાદીએ આરોપી પાસે નાણાની માંગણી કરતી લેખિત નોટીસ આપવા છતા આરોપીએ**

નિયત સમયમાં નાણા ચુકવી આપેલ નહિ. આમ, આરોપીએ ચેકોની રકમ ભરપાઈ ન કરી કલમ– ૧૩૮ મુજબનો ગુનો કરેલ છે.

૧૧.૧ હવે ચેક **ડ્રોઅર્સ સીગ્નેચર ડીફર** ના કારણે ચેક પરત ફરેલ હોય તો, કલમ ૧૩૮ મુજબનો ગુનો બને છે કે કેમ, તે અંગે ચર્ચા કરવામાં આવે તો નામદાર સર્વોચ્ચ અદાલતે "***<u>M/S LAXMI DYECHEM VERSUS STATE OF GUJARAT & ORS." [2012 0 Supreme(SC) 842]</u>*** ઠરાવેલ છે જે નીચે મુજબ છે.

> *15. The above line of decisions leaves no room for holding that the two contingencies envisaged under Section 138 of the Act must be interpreted strictly or literally. We find ourselves in respectful agreement with the decision in NEPC Micon Ltd. (supra) that the expression "amount of money …………. is insufficient" appearing in Section 138 of the Act is a genus and dishonour for reasons such "as account closed", "payment stopped", "referred to the drawer" are only species of that genus. Just as dishonour of a cheque on the ground that the account has been closed is a dishonour falling in the first contingency referred to in Section 138<u>, so also dishonour on the ground that the "signatures do not match" or that the "image is not found", which too implies that the specimen signatures do not match the signatures on the cheque would constitute a dishonour within the meaning of Section 138 of the Act</u>. This Court has in the decisions referred to above taken note of situations and contingencies arising out of deliberate acts of omission or commission on the part of the drawers of the cheques which would inevitably result in the dishonour of the cheque issued by them. For instance this Court has held that if after issue of the cheque the drawer closes the account it must be presumed that the amount in the account was nil hence insufficient to meet the demand of the cheque. A similar result can be brought about by the drawer changing his specimen signature given to the bank or in the case of a company by the company changing the mandate of those authorised to sign the cheques on its behalf.*

Such changes or alteration in the mandate may be dishonest or fraudulent and that would inevitably result in dishonour of all cheques signed by the previously authorised signatories. There is in our view no qualitative difference between a situation where the dishonour takes place on account of the substitution by a new set of authorised signatories resulting in the dishonour of the cheques already issued and another situation in which the drawer of the cheque changes his own signatures or closes the account or issues instructions to the bank not to make the payment. So long as the change is brought about with a view to preventing the cheque being honoured the dishonour would become an offence under Section 138 subject to other conditions prescribed being satisfied. There may indeed be situations where a mismatch between the signatories on the cheque drawn by the drawer and the specimen available with the bank may result in dishonour of the cheque even when the drawer never intended to invite such a dishonour. We are also conscious of the fact that an authorised signatory may in the ordinary course of business be replaced by a new signatory ending the earlier mandate to the bank. Dishonour on account of such changes that may occur in the course of ordinary business of a company, partnership or an individual may not constitute an offence by itself because such a dishonour in order to qualify for prosecution under Section 138 shall have to be preceded by a statutory notice where the drawer is called upon and has the opportunity to arrange the payment of the amount covered by the cheque. It is only when the drawer despite receipt of such a notice and despite the opportunity to make the payment within the time stipulated under the statute does not pay the amount that the dishonour would be considered a dishonour constituting an offence, hence punishable. Even in such cases, the question whether or not there was a lawfully recoverable debt or liability for discharge whereof the cheque was issued would be a matter that the trial Court

will examine having regard to the evidence adduced before it and keeping in view the statutory presumption that unless rebutted the cheque is presumed to have been issued for a valid consideration.

(૧૨) વધુમાં **એ.આઈ.આર. ૨૦૧૦ (સુપ્રિમ કોર્ટ) ૧૮૯૮ રંગપ્પા વિરૂધ્ધ મોહન**ના ચુકાદાથી નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, કલમ– ૧૩૯ ના અનુમાનમાં કાયદાકીય અમલને પાત્ર વ્યવહાર અથવા તો જવાબદારીનું અસ્તિત્વ હોવાનો સમાવેશ થાય છે. સદર અનુમાન એ ખંડનાત્મક અનુમાન છે. આરોપી કાયદાકીય રીતે અમલને પાત્ર દેવું અથવા તો જવાબદારીનું અસ્તિત્વ ન હોવા બાબતે પોતાનો બચાવ રજુ કરી શકે છે. પરંતુ ફરીયાદીને લાભ કરે તેવું પ્રારંભિક અનુમાન હોવા બાબતે કોઈ શંકા નથી. કલમ– ૧૩૯ નો સમાવેશ કાયદા ઘડનાર દ્ધારા વટાઉખતની વિશ્વસનીયતામાં સુધારો કરવાના આશયથી કરવામાં આવ્યો છે કે કલમ– ૧૩૮ દ્ધારા ચેકનો અસ્વીકાર થયાનાં કીસ્સામાં સખત ફોજદારી ઉપાય મળે, જયારે કલમ– ૧૩૯માં કરવામાં આવેલ ખંડનાત્મક અનુમાનની જોગવાઈ ઈન્સાફી કાર્યવાહીમાં થતી વિલંબ અટકાવવા માટે છે. તેમ છતાં યાદ રાખવું જરૂરી છે કે, કલમ– ૧૩૮ દ્ધારા સજાને પાત્ર ગુનાને રેગ્યુલેટરી ઓફેન્સ તરીકે ઉલ્લેખવો જોઈએ. કારણ કે ચેકનો અસ્વીકાર થવો એ મોટાભાગે દીવાની અપકૃત્ય હોય છે અને જેની અસર મોટા ભાગે વ્યાપાર સાથે સંકળાયેલ હોય તેવા ખાનગી પક્ષકારો ઉપર થાય છે. તે કારણસર આરોપી ઉપર જે ખંડનાત્મક પુરાવાનો બોજો છે તે નાહક ઉચ્ચ ધોરણો દર્શાવતી સાબિતીનો હોવો જોઈએ નહી. જે હકીકત ધ્યાને લેતાં જયારે આરોપીએ અનુમાનનુ ખંડન કરવું હોય ત્યારે સાબિતીનું ધોરણ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીથી થવું જોઈએ. માટે જયારે આરોપી કાયદાકીય રીતે અમલને પાત્ર હોય તેવું દેવું અથવા જવાબદારી સામે શંકા ઉપસ્થિત થાય તેવો બચાવ ઉભો કરવામાં સફળ થાય તો ફરીયાદપક્ષનો કેસ નિષ્ફળ થઈ શકે. આરોપી આવો બચાવ ઉભો કરવામા માટે ફરીયાદપક્ષ તરફથી જે સામગ્રી રજુ કરવામાં આવી હોય તેના ઉપર આધાર રાખી શકે અને તે સંજોગોમાં અમુક કેસમાં આરોપીએ પોતાનો પુરાવો રજુ કરવો જરૂરી હોતો નથી. વધુમાં સદર ચુકાદાથી એવો પણ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, કલમ– ૧૩૯ અન્વયેના અનુમાનનુ ખંડન કરવા

માટે આરોપી તરફે જે બચાવ લેવામાં આવ્યો હોય તે બચાવ સામાન્ય બુધ્ધિ ધારણ કરનાર માણસ સ્વીકારી શકે તેવો સંભવિત બચાવ હોવો જોઈએ. સબબ સદર ચુકાદાથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર હાલના કેસમાં પણ તકરારી ચેક આરોપીએ પોતાના કાયદેસર રીતે અમલને પાત્ર થઈ શકે તેવાં દેવા કે જવાબદારીની ચુકવણી પેટે આપ્યો હોવાની હકીકતને અનુમાન કરવામાં આવે છે.

(૧૩) હવે એ નકકી કરવાનુ રહે છે કે, આરોપીએ સદર અનુમાનનું ખંડન કરેલ છે કે કેમ? જો આરોપીએ અનુમાનનું ખંડન કર્યાનું પ્રસ્થાપિત થાય તો તકરારી ચેક અંગે કોઈ કાયદેસરની લેણી રકમ હતી તેવી હકીકત પુરવાર કરવા અંગે સાબીતીનો બોજો ફરીયાદીના શીર ઉપર સિફ્ટ થાય તેમ છે. ઉપરોકત **રંગપ્પા ચુકાદા**થી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર આરોપીએ આ કામે લીધેલ બચાવ સંભવિત બચાવ છે કે કેમ, તે પણ નકકી કરવાનું રહે છે. તે હકીકત નકકી કરવા માટે હાલના કેસમાં આરોપી તરફે ઉલટ તપાસ દરમિયાન તેમજ દલીલો દરમિયાન ઉપસ્થિત કરેલ બચાવ ધ્યાને લેવાનાં રહે છે.

(૧૪) વધુમાં આ તબક્કે એન આઈ એક્ટની કલમ ૧૧૮ અને ૧૩૯ અંગેના અનુમાનને ધ્યાનમાં લેવુ જરૂરી છે જેમાં ચેક લખનાર વિરૂધ્ધના અનુમાન અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.સદર અનુમાનને ધ્યાનમાં રાખી નામદાર સર્વોચ્ચ અદાલતે ***BASALINGAPPA – APPELLANT VERSUS MUDIBASAPPA – RESPONDENT 2019 (0) AIJEL SC 63955*** સદર અનુમાન લગત ઠરાવેલ સિધ્ધાંત અંગે ચર્ચા કરવી જરૂરી જણાય છે તેથી તેની ચર્ચા અત્રે તેની ચર્ચા કરવામાં આવે છે. જે નીચે મુજબ છે.

> ***23. We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:-***
>
> ***(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.***
>
> ***(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of***

<u>proof for rebutting the presumption is that of preponderance of probabilities.</u>

<u>(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.</u>

<u>(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden,</u>

<u>(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.</u>

(**૧૫**) :પરોક્ત ચુકાદાઓ માનપુર્વક ધ્યાને લેતાં જ્યારે ચેક લખી આપ્યાનુ આરોપી દ્વારા કબુલ કરવામાં આવે તો કલમ ૧૩૯ મુજબ તે કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ હોવાનુ માની લેવુ જોઈએ. પરંતુ સદર અનુમાન ખંડનાત્મક અનુમાન છે અને સંભવિત બચાવ રજુ કરવાની જવાબદારી આરોપી ઉપર રહે છે. અને અનુમાનનુ ખંડન કરવા માટે પ્રમાણભુત સાબિતી પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીઝ છે. અને સદર અનુમાનનુ ખંડન કરવા માટે આરોપી પોતાના પુરાવા પર અથવા ફરિયાદી તરફે રજુ થયેલ પુરાવા પર આધાર રાખી સંભવિત બચાવ રજુ કરી શકે છે. વધુમાં પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીઝનુ અનુમાન પક્ષકાર દ્વારા માત્ર રેકર્ડ પર લાવવામાં આવેલ મટેરીયલ પરથી જ નહિ, પરંતુ સંજોગો પર પણ રાખી શકાય છે. અને તે માટે આરોપીએ સાક્ષી-બોક્ષમાં આવવાની જરૂર પણ નથી.

(**૧૬**) :**પરોક્ત તમામ હકિકત ધ્યાને રાખી** ફરિયાદની હકિકત, રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા અને પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો સાથે આ કામે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરવામાં આવે છે.

૧૬.૧ ફરિયાદની હકિકત ધ્યાને રાખી આ કામે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આ કામે **<u>આંક-૧૩ થી</u>** આરોપીના બેન્ક અકાઉન્ટનો ચેક

અસલ રજુ કરેલ છે. જે ચેક તેઓનો નથી તેઓના અકાઉન્ટનો નથી તેવો કોઈ બચાવ લીધેલ નથી વધુમાં ચેક પર તેઓની સહી પડકારેલ નથી તથા આરોપીનો ચેક ચોરાયેલ હોય કે સિકયોરીટી પેટે આપેલ હોય, અને તે લગત બેન્કમાં ચેક લગત પેમેન્ટ ન કરવા અંગે કોઈ જાણ કરેલ હોય, કે ચેક ખોવાયેલ કે ચોરાયેલ હોવા બાબતની ફરિયાદ કરેલ હોય તેવી કોઈપણ હકિકત રેકર્ડ પર દસ્તાવેજી પુરાવાથી આવેલ નથી તેથી આરોપીએ ફરિયાદીને ચેક આપેલ હોવાનુ માનવાને કારણ રહે છે.

<u>ચેક અને તેના લખાણ અંગેનુ અનુમાન</u> ::–

૧૬.૨ આ તબક્કે કાયદાની કલમ ૨૦ ધ્યાને લેવામાં આવે તો સ્ટેમ્પવાળુ અધુરુ ખત અંગે અનુમાનની જોગવાઈ કરવામાં આવેલ છે કે જ્યારે ***<u>કોઈ એક વ્યકિત તેના ઉપર સહી કરીને બીજી વ્યકિતને સોંપે ત્યારે તે વ્યકિત, તેથી તે કાગળના ધારકને તેના ઉપર વધુમાં વધુ તે સ્ટેમ્પની મર્યાદામાં હોય તેટલી અને તેમાં નિર્દિષ્ટ કરેલી રકમ તે યથાપ્રસંગ વટાઉખત બનાવવાનો અથવા પૂરું કરવાનો પ્રથમ દર્શને અધિકાર આપે છે.</u>*** જે નીચે મુજબ છે.

> "*<u>કલમ – ૨૦ "સ્ટેમ્પવાળું અધુરૂ ખત" :–</u>*
>
> *<u>વટાઉખત સબંધી ભારતમાં તે સમયે અમલમાં હોય તેવા કાયદા અનુસાર સ્ટેમ્પવાળા કાગળ તદ્દન કોરા રાખીને અથવા તેના ઉપર અધુરૂ વટાઉખત લખીને કોઈ એક વ્યકિત તેના ઉપર સહી કરીને બીજી વ્યકિતને સોંપે ત્યારે તે વ્યકિત, તેથી તે કાગળના ધારકને તેના ઉપર વધુમાં વધુ તે સ્ટેમ્પની મર્યાદામાં હોય તેટલી અને તેમાં નિર્દિષ્ટ કરેલી રકમ તે યથાપ્રસંગ વટાઉખત બનાવવાનો અથવા પૂરું કરવાનો પ્રથમ દર્શને અધિકાર આપે છે. એ રીતે સહી કરનાર વ્યકિતએ જે હેસિયતમાં વટાઉખત ઉપર સહી કરી હોય તે હેસિયતમાં તે વ્યકિત, તે સિવાયની કોઈપણ વ્યકિત તે ખત સોંપનાર વ્યક્તિ પાસેથી તે ખત હેઠળ જેટલી રકમ આપવાનો તેનો ઈરાદો હોય તેથી વધુ રકમ વસૂલ કરી શકશે નહિ."</u>*

૧૬.૩ આ તબક્કે કાયદાની કલમ ૧૩૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો તેમાં જોગવાઈ કરવામાં આવેલ છે કે ***વિરૂઘ્ધની હકિકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ માનવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ ૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથા તેના કોઈ ભાગમાંથી બોજા મુક્ત થવાના બદલામાં ચેક મેળવ્યો હશે.***

૧૬.૪ સદર જોગવાઈ ઘ્યાને લેવામાં આવે તો કલમ ૧૩૯ ના અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી આરોપીની છે. વઘુમાં નામદાર સુપ્રિમ કોર્ટે ***Bir Singh – Appellant Versus Mukesh Kumar – Respondent 2019 0 Supreme(SC) 126*** ના ચુકાદામાં જણાવેલ છે કે કલમ ૨૦, ૮૭, ૧૩૯ જોગવાઈ પ્રમાણે જ્યારે કોઈ વ્યકિત ચેક પર સહી કરી અને અન્ય વ્યકિતને આપે તો તે જવાબદાર બને છે સિવાય કે ચેક આપનાર યોગ્ય પુરાવો રજુ કરી તેનું ખંડન કરે. વઘુમાં ચેક આપનારે માત્ર તેમાં સહી કરેલ હોય અને તેની વિગતો ચેક આપનાર સિવાય અન્ય દ્ધારા ભરવામાં આવેલ હોય અને ચેક યોગ્ય સહી કરીને આપવામાં આવેલ હોય અને અન્ય રીતે તે કાયદેસર હોય તો પણ કલમ ૧૩૮ લાગુ પડશે જે નીચે મુજબ છે.

> ***"36. The proposition of law which emerges from the judgments referred to above is that the onus to rebut the presumption under Section 139 that the cheque has been issued in discharge of a debt or liability is on the accused and the fact that the cheque might be post dated does not absolve the drawer of a cheque of the penal consequences of Section 138 of the Negotiable Instruments Act.***
>
> ***37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the***

drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

38. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence."

વધુમાં આ કામે રજુ કરવામાં આવેલ ચેક ફરિયાદીની કસ્ટડીમાથી રજુ કરેલ છે વધુમાં ચેક પરનુ લખાણ અલગ અલગ અક્ષરોમાં હોય, અને એક તબક્કે એ પણ માની લેવામાં આવે કે ચેક આપનાર વ્યકિત સિવાયના અન્ય કોઈ વ્યકિતએ ભરેલ છે પરંતુ ચેક પરની સહી આરોપીની છે તે તબક્કે ચેક પરની વિગત પણ કલમ ૨૦ પ્રમાણે ચેક ગેરકાયદેસર બની જતો નથી. તેથી ચેક પર આરોપીની સહી હોય અને અલગ અલગ અક્ષરોમાં વિગતો લખવામાં આવેલ હોય તો પણ તે બચાવ ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

૧૬.૫ વધુમાં આ કામે **આંક ૧૫** થી રજુ રીટર્ન મેમો રજુ કરેલ છે તેના પર ચેક નંબર અને પરત ફરવાનુ કારણ દર્શાવેલ છે જે ધ્યાને લેતા તકરારી ચેકનો રીટર્ન મેમો હોવાનુ જણાઈ આવે છે. વધુમાં આ કામે બચાવપક્ષ દ્વારા હાલનો તકરારી ચેક બેન્કમાં રજુ જ કરેલ નથી અને વણચુકવાયેલ પરત જ ફરેલ નથી તેવો કોઈ બચાવ લીધેલ નથી. તે ધ્યાને લેતાં એન.આઈ.એક્ટની કલમ ૧૪૬ વંચાણે લેતાં રીટર્ન મેમોમાં જણાવેલ કારણ અનુસાર ચેક વણચુકવાયેલ પરત ફરેલ હોવાનુ માનવાને કારણ રહે છે. જે વંચાણે લેતાં હાલનો તકરારી ચેક વણચુકવાયેલ પરત કરેલ હોવાનુ પુરવાર થાય છે.

૧૬.૬ **આરોપીને નોટીસ બજેલ છે કે, કેમ તે અંગેની ચર્ચા કરવામાં આવે તો,** આંક.૧૬ થી નોટીસની ઓફિસ કોપી તથા આંક.૧૭ થી આરોપીને રજી. પોસ્ટ થી મોકલેલ પાવતી તથા આંક.૧૯ થી આરોપીને નોકરી કરે છે તે સરનામે મોકલેલ નોટીસ બજી ગયા અંગેની એકનોલોજમેન્ટ રજુ કરેલ છે.આરોપી તરફે દોલીલ કરવામા આવેલ છે

કે તેઓને કલમ–૧૩૮ નેગો.ઈન્સ્ટ્રુ.એકટની માંગણા નોટીસ મળેલ નથી પરંતુ ફરીયાદી તરફે આંક.૧૯ થી જે એકનોલેજમેન્ટ રજુ કરેલ છે જે જોતાં ફરીયાદીએ સમય મર્યાદામાં આરોપીના સાચા અને ખરા સરનામે એટલે કે આરોપી જયા મેનેજર તરીકે નોકરી કરે છે ત્યાં માંગણાની નોટીસ મોકલાવેલ હોવાની હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે. તથા સરનામું આરોપીનું નથી તેવો પણ કોઈ બચાવ આરોપી તરફે લેવામાં આવેલ નથી. તેથી કલમ જનરલ ક્લોઝીસ એક્ટની કલમ ૨૭ અને અને પુરાવા અધિનિયમની ૧૧૪ નુ અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનુ રહે છે.સદર અનુમાન ધ્યાને લેતા આરોપીને નોટીસ બજી ગયા હોવાનુ અનુમાન કરી શકાય છે. જેને ખંડન કરવાની જવાબદારી પણ આરોપી પર રહે છે. જયારે આરોપીના સાચા અને ખરા સરનામે નોટીસ મોકલવામાં આવેલ હોય ત્યારે તે નોટીસ આરોપીને મળી ગયેલ હોવાનું કાયદાકીય અનુમાન કરવાનું રહે છે. તેવા સંજોગોમાં પણ ફરીયાદીએ કાયદેસરની નોટીસ આરોપીને આપેલ હોવાની હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે.

૧૬.૭ વધુમાં **નામદાર સુપ્રિમ કોર્ટે C.C. Alavi Haji — Appellant versus Palapetty Muhammed & Anr. — Respondents Appeal (crl.) 767 of 2007** પેરા ૧૭ માં ઠરાવેલ છે કે જ્યારે આરોપીને કલમ ૧૩૮ મુજબની નોટીસ આપવામાં આવેલ હોય અને તેને મળેલ ન હોય તો તે કેસના સમન્સની બજવણી થયાના પંદર દિવસની અંદર નાણા અંગેની ચુકવણી કરી શકે છે અને જો તે તે ચુકવણી ન કરે તો તે એ બચાવ લઈ શકે નહિ કે તેને નોટીસની બજવણી થયેલ ન હતી. જે નીચે મુજબ છે.

> *17.It is also to be borne in mind that the requirement of giving of notice is a clear departure from the rule of Criminal Law, where there is no stipulation of giving of a notice before filing a complaint.* ***Any drawer who claims that he did not receive the notice sent by post, can, within 15 days of receipt of summons from the court in respect of the complaint under Section 138 of the Act, make payment of the cheque amount and submit to the Court that he had***

made payment within 15 days of receipt of summons (by receiving a copy of complaint with the summons) and, therefore, the complaint is liable to be rejected. A person who does not pay within 15 days of receipt of the summons from the Court along with the copy of the complaint under Section 138 of the Act, cannot obviously contend that there was no proper service of notice as required under Section 138, by ignoring statutory presumption to the contrary under Section 27 of the G.C. Act and Section 114 of the Evidence Act. In our view, any other interpretation of the proviso would defeat the very object of the legislation. As observed in Bhaskarans case (supra), if the giving of notice in the context of Clause (b) of the proviso was the same as the receipt of notice a trickster cheque drawer would get the premium to avoid receiving the notice by adopting different strategies and escape from legal consequences of Section 138 of the Act.

૧૬.૮ એક બાજુ જે માનવામા આવે કે આરોપીને માંગણા નોટીસ બજેલ નથી પરંતુ અત્રેની કોર્ટમા સમન્સ આરોપીને ફરીયાદમા દર્શાવેલ સરનામે બજી ગયેલ છે અને તેઓ અત્રેની કોર્ટમા હાજર થયેલ છે. આમ ઉપરોક્ત ચુકાદાઓ માનસર વંચાણે લેતાં આરોપીને નોટીસ બજી ગયેલ હોવાનુ માનવાને કારણ બને છે, વધુમાં અત્રેની કોર્ટનો સમન્સ બજી જવા છતા તેણે ૧૫ દિવસની અંદર નાણાની ચુકવણી કરેલ નથી તે હકિકત ધ્યાને લેતાં આરોપીનો ફરિયાદીના નાણા ચુકવવાનો ઈરાદો ન હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે.

(૧૭) વધુમાં હાલના કામે આરોપી દ્વારા કરવામા આવેલ ફરિયાદીની ઉલટતપાસ ધ્યાને લીધી.

(૧૮) *હવે આ કામના આરોપીએ ફરિયાદીને કાયદેસરના દેવા પેટે ચેક આપેલ કે કેમ તે અંગે ફરિયાદની હકિકત, રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તથા ઉલટતપાસ તથા*

અને પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો* આંક.૫૨ તથા ૫૫ અનુક્રમે *સાથે પુરાવાની ચર્ચા કરતા,

૧૮.૧ લીવ એન્ડ લાયસન્સનો ભાડા કરાર નો સ્ટેમ્પ ફરીયાદી લઇને આવ્યો કે આરોપી લઇને આવ્યો, ફરીયાદી પાસે સાત મહીનાના બાકી ભાડા અંગેનો લેખીત આધારનથી, ફરીયાદી પાસે રૂા.૭૫,૦૦૦/– રૂપીયા પંચોતેર હજાર પુરા બાકી રકમ અંગેનો લેખીત આધાર નથી, સમીરભાઇ અને આરોપી પાર્ટનર હોવા અંગેનો દસ્તાવેજ આ કામે રજુ ુ કરેલ નથી, તકરારી ચેકમા રકમ રૂા.૭૫,૦૦૦/– કોણે ભરેલ તે ફરીયાદીને યાદ નથી તથા લીવ એન્ડ લાયસન્સનો ભાડા કરાર અન્ય કોઇ દસ્તાવેજ જેમા લેણી રકમ દર્શાવેલ હોય તે ફરીયાદ સાથે રજુ નથી, આરોપી તરફે ફરીયાદીને ઉલટતપાસમા લેવામાઆવેલ ઉપરોકત તમામ બચાવ કાયદેસરના દેવા પેટે આવેલ હકીકતને ખંડન કરતો નથી.

૧૮.૨. વધુમા આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસમા ફરીયાદીએ લીવ એન્ડ લાયસન્સના ભાડા કરારમા રૂ.૧,૪૩,૦૦૦/–,રૂ.૯૧,૦૦૦/–તથા રૂ.૭૮,૦૦૦/– ની રકમ લખેલ નથી . આંક.૧૨ થી લીવ એન્ડ લાયસન્સનો ભાડા કરાર વંચાણે લેવામા આવે તો તેમા માસીક ભાડુ ૧૩,૦૦૦/– સ્પષ્ટ રીતે દર્શાવવામા આવેલ છે અને લીવ એન્ડ લાયસન્સના ભાડા કરારમા રૂ.૧,૪૩,૦૦૦/–,રૂ.૯૧,૦૦૦/– તથા રૂ.૭૮,૦૦૦/–લખેલ નથી એ કારણથી આરોપી તરફે ફરીયાદીને ઉલટતપાસમા લેવામા આવેલ ઉપરોકત બચાવ કાયદેસરના દેવા પેટે આવેલ હકીકતને ખંડન કરતો નથી.

૧૮.3. વધુમા આરોપી તરફે કોટક મહીન્દ્રા બેન્કના જવાબદાર અધીકારી અશોકભાઇ કેશુભાઇ બરવાડીયાનાઓની આંક.૩૪ નીચે સરતપાસ વંચાણે લેતા "તા.૧૪/૦૯/૨૦૨૧ ના રોજ આરોપી જીતેન્દ્ર દીનેશભાઇ જેઠવાનો ચેક નં. ૦૦૦૦૦૨ રૂ.૭૫,૦૦૦/– રકમનો વટાવવા માટે આવેલ તે દીવસે ચેક વટાવાઇ

શકે તેટલુ ભંડોળ ખાતામા ન હતુ" તથા "સદર જુબાની હુ બેન્કમા ઉપલબ્ધ માહીતીના આધાર આપુ છુ" તે ધ્યાને લેતા પણ જે દિવસે તકરારી ચેક બેન્કમા વટાવવા ગયા ત્યારે જે "ડ્રોઅર્સ સીગ્નેચર ડીફર" ના શેરા સાથે પરત ફરેલ ન હોય તો પણ તે અપુરતુ ભંડોળ ના શેરા સાથે પરત ફરેલ હોય તથા આરોપી તરફે આ ઉપરોકત જુબાની પર કોઇ બચાવ લેવામા આવેલ નથી.

૧૮.૪. વધુમા બેન્કના અધીકારીએ તેઓ કોટક મહીન્દ્રા બેન્કમા સર્વીસ મેનેજર તરીકે નોકરી કરે છે તે દર્શાવતો કોઇ દસ્તાવેજી પુરાવો તેઓની જુબાની સાથે રજુ કરેલ નથી, આ કેસમા તેઓને સાક્ષી જુબાની આપવા માટે બેન્ક દ્વારા કોઇ અધીકારપત્ર આપવામા આવેલ હોય તો તે આ કામે રજુ કરેલ નથી પરંતુ બેન્કના અધીકારી અત્રેની કોર્ટ દ્વારા ઇશ્યુ કરવામા આવેલ સમન્સથી અત્રેની કોર્ટમા જુબાની આપવા હાજર થયેલ છે જેથી આરોપીનો આ ઉપરોકત બચાવ ગ્રાહ્ય રાખવામા આવતો નથી

૧૮.૫. હવે આરોપીના ખાતાના ચેકબુકની વિગત ચેકબુક ઇશ્યુ કરવામા આવતા રજીસ્ટરમા કરવામા આવતી હોય છે જે રજીસ્ટર તેઓ પોતાની સાથે લાવેલ નથી, ચેકબુક ઇશ્યુ થયા તારીખ સાક્ષી જે ચાર દસ્તાવેજ આંક.૩૫ થી ૩૮ લાવેલ છે તે પૈકી એક પણ દસ્તાવેજમા લખેલ નથી આરોપી તરફે આ ઉપરોકત બચાવ કાયદેસરના દેવા પેટે આવેલ હકીકતને ખંડન કરતો નથી.

૧૮.૬. બેન્કના સાક્ષીની ઉલટતપાસમા તેમની બેન્ક દ્વારા આપેલ ચેકનો ઉપયોગ કયાં સુધી કરી શકાય તે બાબતે બચાવ લીધેલ છે જેનો જવાબ તેઓની બેન્ક દ્વારા આપેલ ચેકનો ઉપયોગ ત્યાં સુધી કરી શકાય જયાં સુધી ચેકની સમય મર્યાદા પુરી ન થાય તેવો જવાબ આપેલ છે. આંક.૧૩નો તકરારી ચેક વંચાણે લેવામા આવે તો તેના ઉપર "Valid for three months from date of issue" સ્પષ્ટ રીતે દર્શાવેલ છે અને તકરારી ચેકની તારીખ ૧૦/૦૯/૨૦૨૧ છે અને ફરીયાદીએ ચેક તા.૧૩/૦૯/૨૦૨૧ ના રોજ બેન્કમા રજુ કરેલ છે જેનો અર્થ કે

ચેક ઈશ્યુ કર્યાના ત્રણ મહીનાની અંદર ફરીયાદીએ ચેક બેન્કમા રજુ કરેલ છે. આરોપી તરફે આ ઉપરોકત બચાવ કાયદેસરના દેવા પેટે આવેલ હકીકતને ખંડન કરતો નથી.

૧૮.૭. બેન્કના સાક્ષીની ઉલટતપાસમા આરોપી તરફે ફરીયાદવાળા ચેકમા કોણે સહી કરી તે બાબતે બચાવ લેવામા આવેલ છે જેનો જવાબ સાક્ષીએ ફરીયાદવાળા ચેકમા કોણે સહી કરી હોય તે હુ નહી કહી શકુ તેવો જવાબ આપેલ છે. હવે આંક.૩૪ નીચે બેન્કના જવાબદાર અધીકારીની ઉલટતપાસમા જે સહી બાબતે બચાવ લીધેલ છે તે ગ્રાહ્ય રાખવામા આવી શકે નહી કારણ કે જયારે "ડ્રોઅર્સ સીગ્નેચર ડીફર" ના શેરા સાથે ચેક વણચુકવાયેલ પરત ફરેલ છે ત્યારે ચેકમા સહી જયારે આરોપીની નથી તો તકરારી ચેકમા સહી કોણે કરી તે કહી શકાય નહી.આરોપી તરફે આ ઉપરોકત બચાવ કાયદેસરના દેવા પેટે આવેલ હકીકતને ખંડન કરતો નથી.

૧૮.૮. વધુમા આંક.૫૧ તથા આંક.૫૩ વંચાણે લેવામા આવે તો આરોપી દ્રારા સમાધાન પેટે રૂા.૨૪,૦૦૦/- ચોવીસ હજાર પુરા તથા રૂા.૯,૦૦૦/- નવ હજાર પુરા અનુક્રમે સિવીલ કોર્ટમા જમા કરાવેલ છે જેનો તાત્પર્ય છે કે આરોપી દ્રારા ફરીયાદીને આપવામા આવેલ ચેક દેવા પેટે છે તો જ આરોપી દ્રારા સમાધાન પેટે ઉપરોકત રકમ જમા કરાવેલ છે.

(૧૯) ઉપરોક્ત ચર્ચા ધ્યાને લેતાં આરોપી બચાવ લીધેલ છે કે, ફરીયાદીએ આરોપી ઉપર તેઓ નિર્દોષ હોવા છતા ખોટી ફરીયાદ કરેલ છે પરંતુ આરોપીની સહીવાળો ચેક કેવી રીતે ફરીયાદીના કબજામાં આવેલ છે તે અંગેનો બચાવ રજુ કરતા આરોપી જણાવે છે કે ***આરોપીએ ફરિયાદીને કોઈ દેવા કે જવાબદારી પેટે ચેક આપેલ નથી.*** પરંતુ તે દર્શાવતો કોઈ ઠોસ પુરાવો રજુ કરેલ નથી, તથા ચેક કઈ રીતે ફરિયાદી પાસે આવેલ તે પણ બચાવ રજુ કરેલ નથી. વધુમાં આરોપી તરફે દલીલ કરેલ છે કે, કહેવાતા નાણા ફરિયાદીને મળી ગયેલ છે તે તમામ દલીલો ગ્રાહ્ય રાખવાપાત્ર જણાતી નથી, વધુમાં જો આરોપીની સહી

બળજબરી પુર્વક કે કપટ પુર્વક કરાવવામાં આવેલ હોય કે સિક્યોરીટી પેટે ચેક આપેલ હોય કે ચોરી કરીને લેવામાં આવેલ હોય અને તેનો દુરઉપયોગ કરેલ હોય તો તે લગત પોલીસ ફરિયાદ કરી શક્યા હોત, અથવા તે સંદર્ભે ફરિયાદી સામે કોઈ કાયદેસરની કાર્યવાહી કરી શક્યા હોત, પરંતુ આરોપીએ આજદીન સુધી આ સંદર્ભે ફરીયાદી સામે કોઈ કાયદેસર કાર્યવાહી કરેલ હોવાનું જણાતુ નથી તથા તેવી કોઈપણ હકિકત રેકર્ડ પર બચાવપક્ષ દ્વારા રજુ કરેલ નથી. વધુમાં જે હાલના તકરારી ચેક ફરિયાદી પાસે હતો તે ચેકનુ પેમેન્ટ ન થાય તે અંગે લગત બેન્કને પણ યોગ્ય જાણ કરી શકયા હોત. પરંતુ તેવી કોઈપણ બેન્કને જાણ કરવામાં આવેલ હોય તેવી હકિકત બચાવપક્ષ રેકર્ડ પર લાવેલ નથી. વધુમાં આરોપીએ તકરારી ચેકની સહી પણ પડકારેલ નથી, તેમજ તકરારી ચેક ખોટી રીતે ફરીયાદીના કબજામાં રહેલ હોવાનું પણ માનવા લાયક પુરાવાથી રેકર્ડ ઉપર લાવેલ નથી તેવા સંજોગોમાં આ તકરારી ચેક આરોપીએ કાયદેસરના દેવા પેટે ફરીયાદીને આપેલ હોવાનું માનવાને કારણ રહે છે. વધુમાં ફરીયાદીએ સમય મર્યાદામાં આરોપીના સાચા અને ખરા સરનામે માંગણાની નોટીસ મોકલાવેલ હોવાની હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે. નોટીસમાં જણાવેલ સરનામું આરોપીનું નથી તેવો પણ કોઈ બચાવ આરોપી તરફે લેવામાં આવેલ નથી. જયારે આરોપીના સાચા અને ખરા સરનામે નોટીસ મોકલવામાં આવેલ હોય ત્યારે તે નોટીસ આરોપીને મળી ગયેલ હોવાનું કાયદાકીય અનુમાન કરવાનું રહે છે. હાલનો તકરારી ચેકનો ફરીયાદીએ દુરઉપયોગ કરેલ છે તેવો કોઈ માનવા લાયક બચાવ ટકવા પાત્ર નથી અને જયારે આરોપીએ તકરારી ચેકની સહી પડકારેલ ન હોય તેમજ આ ચેક કેવી રીતે ફરીયાદી પાસે આવેલ તેવી પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ ન હોય હાલનો તકરારી ચેક કાયદેસરના દેવા પેટે ફરીયાદીને આપેલ હોવાનુ સ્પષ્ટપણે ફલિત થાય છે.

(**૨૦**) વધુમાં ફરીયાદીએ બેંક રીટર્ન મેમો રજુ કરેલ છે તે જોતાં પણ હાલનો તકરારી ચેક "**ડ્રોઅર્સ સીગ્નેચર ડીફર**"ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત થયેલ હોવાની હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે.આરોપીએ આંક.૧૩ વાળા તકરારી ચેકમા ખરી અને

સાચી સહી કરેલ છે તે બાબતે આંક.૪ નીચે ફરીયાદીની ઉલટતપાસમા કોઈ બચાવ લીધેલ નથી તથા આંક.૩૪ નીચે બેન્કના જવાબદાર અધીકારીની ઉલટતપાસમા જે સહી બાબતે બચાવ લીધેલ છે તે ગ્રાહય રાખવામા આવી શકે નહી કારણ કે જયારે "ડ્રોઅર્સ સીગ્નેચર ડીફર" ના શેરા સાથે ચેક વણચુકવાયેલ પરત ફરેલ છે ત્યારે ચેકમા સહી જયારે આરોપીની નથી તો તકરારી ચેકમા સહી કોણે કરી તે કહી શકાય નહી. ખોટી રીતે બેન્કે ચેક પરત વણચુકવાયેલ પરત કરેલ છે. તેવી હકિકત આરોપી પુરવાર કરી શકેલ નથી. આવો તકરારી ચેક પરત ફરેલ જ નથી તેવો પણ કોઈ બચાવ આરોપી તરફે ઉલટ તપાસ દરમ્યાન લેવામાં આવેલ નથી. ***આમ, આરોપીનો ચેક, તેના પર આરોપીની સહી, ફરિયાદી પાસે ચેકની કસ્ટડી હોય, રજુ કરનાર ફરિયાદી તથા જણાવેલ કારણે પરત કરેલ હોવાની હકિકત તે તમામ સંજોગો ધ્યાને લેતાં તથા આરોપી તરફે લેવાયેલ બચાવ પાયા વિહોણો હોય આરોપીએ કાયદેસરના દેવા પેટે ચેક આપેલ હોવાનુ પુરવાર થાય છે***.

(૨૧) આમ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપીએ ફરિયાદીને કાયદેસરના લેણા પેટે હાલનો તકરારી ચેક આપેલ હોવાનું સ્પષ્ટપણે ફલિત થયેલ છે. તથા આરોપી તરફે કરવામાં આવેલ દલીલ ગ્રાહય રાખેલ નથી. વધુમાં આરોપી તરફે જે દલીલ કરેલ છે કે આરોપી તેઓ સામે ખોટી ફરીયાદ કરેલ છે તે હકીકત પણ આરોપી તરફે પુરવાર કરેલ નથી. હાલના કામે નોટીસ બજેલ નથી તેવો બચાવપક્ષનો બચાવ પણ ગ્રાહય રાખેલ નથી. આરોપી તરફે જે બચાવ લેવામાં આવેલ છે તે તમામ બચાવ કલમ-૧૩૯ ના અનુમાનના ખંડન કરતા બચાવો નથી. જયારે ફરીયાદીએ પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરી પોતાનું કાયદેસરનુ લેણું પુરવાર કરેલ છે. તેમજ કલમ-૧૩૮ ના તમામ તત્વો પુરવાર કરેલ છે. આવા સંજોગોમાં કલમ-૧૩૮ નો ગુનો પુરવાર થતો હોય **મુદ્દા નં. ૧** નો જવાબ હકારમાં આપી, કલમ-૧૩૮ ના ગુનામાં આરોપીને **તકસીરવાન** ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે. સજાના સંદર્ભે કેસની હકીકત ધ્યાને લઈએ તો આરોપીની પ્લી ક્રિમીનલ પ્રો.કોડની કલમ ૨૫૧ મુજબ લેવામાં આવે છે અને તે આધારે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. કાયદાની કલમ-૨૫૫(૨) આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે તો આરોપીને સજા

અંગે સાંભળવા ફરજીયાત નથી. પરંતુ આરોપીને સજા અંગે સાંભળવુ ન્યાયોચિત જણાતુ હોય સજા અંગે સાંભળવા માટે કેસ મુલતવી રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા. ૩૦, માહે એપ્રીલ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૪/૨૦૨૬ **(જયશ્રી પુરષોત્તમલાલ ગોયલ)**

રાજકોટ. **નવ માં અધિક જ્યુડીશીચલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,**

રાજકોટ.

Code No. GJ01773

<u>સજા બાબતે સાંભળ્યા પછીનો હુકમ :</u>

(૧) આ કામે આજરોજ ફરીયાદીતથા તેઓના વિ.વ.શ્રી હાજર છે. આરોપીના વિ.વ.શ્રી હાજર છે.આરોપી હાજર નથી આરોપી તરફે વિ.વ.શ્રીએ મુકિત અરજી રજુ કરેલ છે અને રજુઆત કરેલ છે કે આરોપી બહારગામ ગયેલ છે જેથી આજરોજ અદાલતમા નહી આવે વધુમા લાંબી મુદત આપવા અરજ કરેલ છે. રેકર્ડ અને પ્રોસેડીંગ વંચાણે લેતા તા.૧૩/૦૪/૨૦૨૬ ના રોજ ફરીયાદી તથા આરોપી તરફે ફાઇનલ દલીલ સાંભળવામા આવેેલ તે દિવસે પણ આરોપી અત્રેની અદાલતમા હાજર ન હતા અને ન્યાયના હીતમા તેઓની મુકિત અરજી મંજુર કરવામા આવેલ અને ફરીયાદી તથા આરોપી તરફે ફાઇનલ દલીલ સાંભળ્યા બાદ હાલનુ કામ જજમેન્ટ માટે રાખવામા આવેલ અને આરોપીને આવતી મુદતે એટલે કે આજરોજ જજમેન્ટના દિવસે અદાલતમા હાજર રહેવા સુચના આપવામા આવેલ. આરોપી તરફે વિ.વ.શ્રીએ મુકિત અરજી રજુ કરતા આરોપી બહારગામ કયાં ગયા છે અને કયારે આવશે અને કયા કારણથી તેઓ લાંબી મુદત માંગે છે તેવી કોઇ રજુઆત કરેલ નથી. આરોપી તરફે વિ.વ.શ્રી મુકિતી અરજી રજુ કરતા જયારે હાલનુ કામ આજરોજ જજમેન્ટ ઉપર છે અને જજમેન્ટના દિવસે આરોપીની હાજરી અનિવાર્ય છે ત્યારે મુકિતી અરજી મંજુર કરવા આરોપી તરફે કોઇ સચોટ કારણ દર્શાવેલ નથી. આરોપીને જાણ છે કે હાલનુ કામ આજરોજ જજમેન્ટ ઉપર છે પરંતુ આરોપી હાલના કામમા સાથ સહકાર આપતા ન હોય અને તેઓ જાણી જોઇને સદર કામ લંબાવવા સારુ એક યા બીજા કારણોસર આજરોજ અદાલતમા હાજર રહેલ નથી આવુ રેકર્ડ એન પ્રોસેડીંગ વંચાણે લેતા જણાય આવે છે જેથી આરોપીની મુકિતી અરજી આ અદાલત દ્રારા નામંજુર કરવામા આવેલ અને આરોપી તરફે વકીલશ્રીને આ અદાલત દ્રારા આજરોજ આરોપીને હાજર રખાવવા સુચના આપવામા આવેલ. પરંતુ આજરોજ વારંવાર પોકાર કરતા આરોપી તથા તેઓના વિ.વ.શ્રી આ અદાલતમા હાજર રહેલ નહી. જેથી સદર કામના આરોપી જાણી જોઇને જજમેન્ટના દિવસે નામ. કોર્ટમા હાજર રહેલ નથી ત્યારે આવા સંજોગોમા આરોપીની ગેરહાજરીમા જજમેન્ટ

જાહેર કરવુ ન્યાયોચિત જણાય છે. વધુમા નામ. ગુજરાત હાઈકોર્ટે ***Sharad Jethalal Savla– Applicant Versus State of Gujarat & others (2017 3 GLH 146)*** ચુકાદાના પેરા–નં.૨૨ માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, so far as the first question is concerned as regards the pronouncement of the judgement and order of conviction and sentence in the absence of the applicant accused, I am of the view that no illegality could be said to have been committed by the trial court. આમ નીચલી કોર્ટે આરોપીની ગેરહાજરીમાં સજોનો હુકમ કરેલ તે નામ.કોર્ટે યોગ્ય ઠેરવી નીચલી કોર્ટનો હુકમ ગેરકાયદેસરનો ન હોવાનું ઠરાવેલ છે. ઉપરોકત નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદામા ઠરાવ્યા મુજબ આરોપીની ગેરહાજરીમા ચુકાદો જાહેર કરી શકાય છે. તેવા સંજોગોમા સદર કામે રેકર્ડ પર આવેલ હકીકત ધ્યાને લેતા આ કામના આરોપી જાણી જોઈને તેઓની સામે હાલનો કેસ ચાલતો હોવાની તથા આજરોજ હાલનુ કામ જજમેન્ટ ઉપર છે તેની જાણ હોવા છતા આજરોજ નામ. કોર્ટમા હાજર રહેલ ન હોય તેવા સંજોગોમા આરોપીની ગેરહાજરીમા સદર ચુકાદો જાહેર કરી આરોપીને દોષિત ઠરાવેલ છે.

(૨)સજા અંગે સાંભળતા ફરીયાદપક્ષ તરફે રજુઆત કરેલ છે કે સદર કામના આરોપી સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબનો ગુનો પુરવાર થયેલ હોય અને તેઓને સદર ગુનામાં દોષિત ઠરાવેલ હોય જેથી તેઓની સામે કાયદામાં ઠરાવ્યા મુજબની પુરેપુરી સજા કરવા તથા ચેકની ડબલ રકમનો દંડ કરવા અને વળતર અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(3) આ કામે સજાના સંદર્ભે કેસની હકીકત ધ્યાને લઈએ તો આરોપીની પ્લી ક્રિમીનલ પ્રો.કોડની કલમ– ૨૫૧ મુજબ લેવામાં આવેલ છે અને તે આધારે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. કાયદાની કલમ– ૨૫૫(૨) મુજબ આરોપીને તકસીરવાર ઠરાવવામાં આવેલ છે. સજાના સંદર્ભમાં કેસની હકીકત ધ્યાને લઈએ તો નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ એ સ્પેશ્યલ એકટ છે અને તેમાં તેના ભંગ

બદલ બે વર્ષ સુધીની કેદની સજા અથવા દંડ કે ચેકની રકમ કરતાં બે ગણા સુધી અથવા બંને થઈ શકે છે.

(૪) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪ ધ્યાને લેવામાં આવે તો સ્પેશ્યલ એકટમાં કરવામાં આવેલ સજાની જોગવાઈને આધારે તે મુજબ કોર્ટને આરોપીને તકસીરવાન ઠરાવવાની અને દંડ કરવાની સત્તા છે. સજા સંદર્ભે આરોપી તરફે રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લઈએ તો તથા આરોપીની ઉંમર, તેમની કૌટુંબિક જવાબદારી તથા પ્રથમ ગુનો હોય તેથી બે વર્ષ પુરેપુરી સજા કરવી યોગ્ય જણાતુ નથી. સામાન્ય રીતે સજાની માત્રા કેટલી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચુકાદાઓ ઉપલબ્ધ છે. તે મુજબ સજા અત્યંત હળવી ન હોવી જોઈએ તેમજ સાથોસાથ અત્યંત કઠોર પણ ન હોવી જોઈએ. ગુનાની ગંભીરતા, તેના સંજોગો, આરોપીની ઉંમર, તેનો સામાજિક દરજ્જો, તે કયા સમાજમાંથી આવે છે તે વગેરે હકીકતોને ધ્યાને લઈ સજા અંગેનો નિર્ણય કરવાનો રહે છે. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળનો લેજીસ્લેચર નો હેતુ બેંકોનું કામકાજ તેના નિયમોનુસાર કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતું રહે તે માટેનો છે. તે ઉપરાંત નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ કે જેમાં ચેક પ્રોમેસરી નોટ વગેરેનો સમાવેશ થાય છે. તેનો અવિરતપણે સતત ઉપયોગ ચાલતો રહે અને લોકોનો વિશ્વાસ તે વ્યવસ્થામાં ટકી રહે તે અંગેનો છે. સદરહુ આરોપીએ કાયદેસરના દેવાની ચુકવણી અર્થે ચેક આપ્યો છે. જે ચેક **"ડ્રોઅર્સ સીગ્નેચર ડીફર"**ના શેરા સાથે વગર સ્વીકારે પરત ફરેલ છે. તેથી તે કાયદા પાછળનો હેતુ ધ્યાને લેતાં આવા કેસમાં આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસેને લોકોનો બેંકીગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ હું માનું છું. કારણ કે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદા ઘડવા પાછળનો ધારાસભાના ઈરાદાનો અસરકારક અમલ તે અદાલતની મુખ્ય ફરજ બની રહે છે અને જો તે મુજબ કરવામાં ના આવે તો લોકોનો બેંકીગ વ્યવસ્થામાથી વિશ્વાસ ઉઠી જશે અને લોકો ચેકોનો બેફામ દુરપયોગ કરતાં થઈ જશે. અને તે કારણે ભારતીય અર્થતંત્ર જે વિકાસશીલ

અર્થતંત્ર છે તેને નુકશાન થાય અને તેથી તે બધી હકીકતોને ધ્યાનમાં લેતાં આરોપીને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય અને વ્યાજબી જણાતું નથી.

(૫) **<u>વધુમાં ૨૦૧૩(૧) જીએલઆર ૨૨૨, આર.મોહન વિરૂધ્ધ એ.કે.વિજયાકુમાર</u>** ના કેસનો ચુકાદો ધ્યાને લેતાં, નામદાર સુપ્રિમ કોર્ટે સદર એકટની કલમ ૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુનાના કેસોની ઈન્સાફી કાર્યવાહીમાં આરોપીને સજા ફરમાવતી વખતે સંહીતાની કલમ–૩૫૭ અન્વયે ફરીયાદીને વળતર તરીકે યોગ્ય રકમ ચુકવવાનો હુકમ કરવાની હિમાયત કરી છે. જે ધ્યાને લેતાં ફરીયાદીને યોગ્ય વળતર અપાવવું ન્યાયોચિત જણાંતુ હોય જેથી **<u>“મુદા નં. ૨”</u>** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–<u>:: આખરી હુકમ ::</u>–

1. આ કામના આરોપી **જીતેન્દ્ર દીનેશભાઈ જેઠવા રહે.૧: જય વાછડા દાદા, લાભદીપ સોસાયટી શેરી નં.૩, એચ પી પેટ્રોલ પંપ પાસે, ગાંધીગ્રામ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. રહે.૨: સોનાલી પાઉભાજી, નીર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ**નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.
2. આ કામના આરોપીએ આંક.૫૧ તથા આંક.૫૩ ની પુરસીસ અન્વયે કુલ રૂા.૩૩,૦૦૦/– ચુકવી આપેલ હોય તે રકમ મજરે આપી સી.આર.પી.સી.ની કલમ–૩૫૭(૩) મુજબ બાકી રહેતી ચેકની રકમ આ હુકમ થયેથી દીન–૩૦ મા વળતર તરીકે ચુકવવાનો આથી હુકમ કરવામા આવે છે.
3. જો આરોપી આ વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીએ વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.
4. આરોપીએ વળતરની રકમ જમા કરાવ્યેથી આ કામના ફરિયાદીએ પોતાની ઓળખનો આધાર–પુરાવો નામદાર કોર્ટમાં રજુ કર્યેથી તે રકમ તેઓને વળતર પેટે ચુકવવાની રહેશે તેવો પણ આથી હુકમ કરવામાં આવે છે.

5. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૩૬૩ અન્વયે આરોપીને જજમેન્ટની નકલ વિના મુલ્યે અત્રેની કોર્ટે પુરી પાડવી.
6. હાલના આરોપી સદર કેસની તપાસ કે ઈન્સાફી કાર્યવાહી દરમિયાન જેટલો સમય કેદમાં રહેલ હોય તેટલો સમય ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૨૮ મુજબ મજરે આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.
7. આ કામે આરોપી મુદતે હાજર ન હોય તેઓ વિરૂધ્ધ હાલનો ચુકાદો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૩(૬) મુજબ તેઓની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ હોવાથી આરોપીઓના સદર કેસમાં રજુ કરવામાં આવેલ જામીન તથા જાતમુચરકા રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.
8. હાલના આરોપી સદર કેસની તપાસ કે ઈન્સાફી કાર્યવાહી દરમિયાન જેટલો સમય કેદમા રહેલ હોય તેટલો સમય ક્રિમીનીલ પ્રોસીઝર કોડની કલમ–૪૨૮ મુજબ મજરે આપવાનો આથી હુકમ કરવામા આવે છે.
9. હાલના આરોપી વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ –૭૦ મુજબ બીનજામીન લાયક વોરંટ પણ ઇશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા.૩૦, માહે એપ્રીલ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૪/૨૦૨૬ **(જયશ્રી પુરષોત્તમલાલ ગોયલ)**

રાજકોટ. **નવ માં અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,**

રાજકોટ.

Code No. GJ01773